તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૫૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૭ | ૭ જુલાઈ, ૨૦૧૬, ગુરૂવાર ; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં ઉલ્લાસભર્યા માહોલમાં રથયાત્રા

**ભાવિકોએ જગન્નાથજીના હેતે ઓવારણા લીધા : હાથી ઘોડા ,બગી ,બેન્ડ અને ડી જે ની સુરાવલી વચ્ચે નિકળેલી રથયાત્રામાં ઘોડેસવાર યુવાનો તેમજ ટેકવેન્ડોના કરતબોએ નગરજનોને દંગ કરી દીધા : રજાના દિવસે મોટી સંખ્યામાં ભાવિકોએ મનભરીને ભગવાનના દર્શનનો લાભ લીધો**

**સેકટરોમાં રથયાત્રાનુ ભવ્ય સ્વાગત : ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો : વેશભુષામાં સજજ બાળકો અને બાઈક સવાર યુવાનોના તલવારબાજીના કરતબો નિહાળી નગરજનો સ્તબ્ધ : સેકટરોમાં ઠંડા પાણી છાશ શરબત સાથે રથયાત્રિકોનુ સ્વાગત : રથયાત્રાના રૂટમાં ડી જે ના તાલ સાથે ભાવિકોએ ગરબાની રમઝટ માંણી**



ગાંધીનગર તા ૬

આજે સવારે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતેથી ૭:૨૨ કલાકે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ.નિયત સમય કરતા ૨૨ મિનિટ મોડી ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભવ્ય પુજાવિધિ બાદ પંચદેવ મંદિર ખાતેથી પ્રસ્થાન કરવામાં આવી હતી. જયરણછોડ..માખણચોરના જયઘોષથી મંદિર પરિસરનુ વાતાવરણ વધુ દિવ્ય બન્યુ હતુ. ભગવાનના રથની પુજાઅર્ચના તેમજ રથયાત્રાના પ્રસ્થાન પ્રસંગે નગરના સ્થાનિક નેતાઓ અગ્રણીઓ ઉપરાંત મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહયા હતા. ઢોલ નગારા,ડી જે અને બેન્ડની સુરાવલી સાથે ભગવાનનો રથ નગરચર્યાએ નીકળ્યો હતો. હાથી ,ઘોડે સવાર યુવાનો તેમજ બગી અને ભજન મંડળીની સંગત સાથે રથયાત્રા નિયત રૂટમાં આગળ વધી હતી.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિયત સમય કરતા ૨૨ મિનિટ મોડી પ્રસ્થાન થઈ હતી. ભગવાન જગન્નાથજીની યાત્રાના પ્રારંભે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ,ધારાસભ્ય અશોક પટેલ ગુડાના ચેરમેન આશિષ દવે પુર્વ ચેરમેન અશોક ભાવસાર ધારાસભ્ય શંભુજી ઠાકોર રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા નગરના અગ્રણી અરૂણ બુચ સહીત અગ્રણીઓ તેમજ ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. ભગવાનની આરતી અને પુજાવિધિ બાદ રથયાત્રાએ આગળ પ્રસ્થાન કર્યુ હતુ. જો કે મહીલા અને બાળ વિકાસ મંત્રી વસુબેન ત્રિવેદી મોડા આવતા મંદિર પરિસરમાં રથ ઉભો રહેતા તેમણે વિશેષ પુજા અર્ચના કરી હતી. ત્યારબાદ ભગવાનનો રથ નિયત રૂટમાં આગળ વધ્યો હતો. ભગવાનની ભવ્ય રથયાત્રામાં સૌ પ્રથમ પોલીસ પાયલોટીંગ જીપ ત્યારબાદ હાથી,ટેકવેનડો એસોસિએશનની ટ્રક,ડી જે સાઉન્ડનો ટ્રક,રથયાત્રા સમિતિની કાર ત્યારબાદ ધર્મ રક્ષક દળના ૧૫ બાઈક સવારો હાથમાં તલવાર લઈ કરતબ કરતા નજરે પડતા હતા. ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં ત્યારબાદ ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીનો રથ અને ભગવાનનો રથ આગળ વધતો નજરે પડયો હતો.પંચદેવ મંદિરથી આગળ વધતા રથયાત્રા સેકટર ૨૨ માં પહોંચી હતી. જયાં વેપારી અને રહીશો દ્વારા યાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જયાંથી યાત્રા આગળ વધીને ૧૭:૨૨ થઈને સે-૧૭ માં પહોંચી હતી. વેપારીઓ દ્વારા રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ યાત્રા સે-૧૭ હનુમાન મંદિર તરફ આગળ વધી હતી. જયાં મંદિરના પુજારી નરોત્તમ

● અનુસંધાન પાન-૩ પર





## બે વાર રથના પૈડાનુ બેરીંગ તુટી જતા રથ થંભી ગયો





નિયત સમય કરતા મોડી નિકળેલી ભગવાન જગન્નાથજીની રથયાત્રા સે-૧૨ પાસે પહોંચતા રથના પૈડાનુ બેરીંગ તુટી ગયુ હતુ. જેના પરિણામે ભગવાનનો રથ થોડીવાર માટે થંભી ગયો હતો.જો કે પંચદેવ મંદિરના યુવાના તેમજ અન્ય સ્વયંસેવકોની મદદથી તાત્કાલિક બેરીંગ લાવી રથના પૈડામાં લગાવી દેવાતા સૌ કોઈને હાશકારો થયો હતો. જયાં ૧૫ મિનિટના વિલંબ બાદ યાત્રા ફરિ નિયત રૂટમાં આગળ વધી હતી. ત્યારબાદ સે-૮ માં પણ ચર્ચ પાસે રથના પૈડાનુ બેરિંગ તુટી જતા રથયાત્રા થંભી ગઈ હતી. રથનુ પૈડુ લગાવામાં સમય જતા ભાવિકોએ નિરાંતે ભગવાનના દર્શન કર્યા હતા.

## નમી પડેલી વૃક્ષોની ડાળીઓ યાત્રાના રૂટમાં આડશ બની

પ્રથમ વરસાદ બાદ નગરની હરિયાળી વનરાજી આંખોને ભલે ઠંડક આપતી હોય પરંતુ આજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન રૂટમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ આડશ બની હતી. કેટલાક ઠેકાણે તો એટલી હદે ડાળીઓ નમી પડી હતી કે જરા પણ ચુક થાય તો અકસ્માત થાય. રથયાત્રાના આયોજનને અનુલક્ષી વારંવાર રજુઆત કરવા છતા વનતંત્ર દ્વારા યાત્રાના નિયત રૂટમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ ન હતુ. જેના પરિણામે સે-૧૬ શોપિંગ તરફ જવાના માર્ગ પર નમી પડેલુ બાવળનુ વૃક્ષ પણ નડતરરૂપ થયુ હતુ. સે-૬ માં પણ નમી પડેલી વૃક્ષની ડાળીઓ યાત્રાના વાહનો માટે આડશરૂપ પુરવાર થઈ હતી.

# અમદાવાદની રથયાત્રામાં માનવ મહેરામણ

**રથયાત્રા શાંતિપૂર્ણરીતે જ પસાર થઇ : મંદિરથી પ્રસ્થાન બાદ રથયાત્રા પરંપરાગત રૂટ ઉપર નિકળી : ગજરાજો, ભજન મંડળીઓ, અખાડાઓ, ભારતની ઝાંખી કરાવતી જુદી જુદી ટ્રકો આકર્ષણનું કેન્દ્ર બની : શ્રદ્ધાળુઓ વિવિધ વિસ્તારમાં દર્શન માટે ઉમટ્યા**

અમદાવાદ, તા.૬

અભૂતપૂર્વ સુરક્ષા અને લાખો શ્રદ્ધાળુઓની હાજરી વચ્ચે



અમદાવાદ શહેરમાં હાઈવોલ્ટેજ રથયાત્રા શાંતિપૂર્ણરીતે પસાર થઈ હતી. મોડી સાંજે રથયાત્રા નિજમંદિરમાં પરત ફરતા તંત્રને પણ રાહત થઈ હતી. છેલ્લા કેટલાક દિવસથી રથયાત્રાની તૈયારીમાં સમગ્ર તંત્ર વ્યસ્ત હતું. ૧૩૯મી રથયાત્રા શાંતિપૂર્ણરીતે પાર પાડવામાં આવી હતી. દર વર્ષે અષાઢી બીજના પાવન પર્વે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. રથયાત્રા પરંપરાગત અમદાવાદ શહેરના જુદા જુદા રુટ ઉપરથી નિકળીને અંતે મોડી સાંજે નિજ મંદિરમાં પરત ફરી હતી. તમામ જગ્યાઓએ શ્રદ્ધાળુઓના ઘોડાપુર જોવા મળ્યા હતા. કોમી એકતાના પ્રતિકરુપે જુદી જુદી જગ્યાઓએ દર્શન થયા હતા. અગાઉ લોકોની સંખ્યામાં શ્રદ્ધાળુઓની હાજરીમાં આજે સવારે અમદાવાદ શહેરમાં રથયાત્રા શરૂ થઈ હતી. ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે પહિંદ વિધી કરાવીને રથયાત્રાને પ્રસ્થાન કરાવી હતી.આની સાથે જ રથયાત્રા પરંપરાગત રૂટ પરથી રવાના થઈ હતી. તમામ જગ્યાએ શ્રદ્ધાળુઓની ભારે ભીડ દર્શન માટે જોવા મળી હતી. ઐતિહાસિક જમાલપુર મંદિર ખાતે બિરાજમાન જગન્નાથજી તેમના ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની સાથે શહેરીજનોને મળવા માટે પરંપરાગત રીતે એક દિવસની યાત્રાએ નિકળ્યા હતા. આ રથયાત્રામાં લાખોની સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વહેલી સવારે જગન્નાથ મંદિરેથી રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ રથની પહિંદવિધિ કરાવીને યાત્રાને પ્રસ્થાન કરાવી હતી. સવારે સાત વાગ્યે પહિંદ વિધી કરવામાં આવી હતી.રથયાત્રામાં ભાગ લેનાર લાખો શ્રદ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ૨૫૦૦૦ કિલો મગ, ૬૦૦ કિલો જાંબુ અને બે લાખ ઉપરણાની પ્રસાદની તૈયારી પહેલાથી જ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## આનંદીબેને પહિન્દવિધિ કરી યાત્રા પ્રસ્થાન કરાવી




અમદાવાદ,તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજે સતત ત્રીજા વર્ષે ૧૩૯મી રથયાત્રાને પ્રસ્થાન કરાવી હતી. રથયાત્રામાં સતત ત્રીજીવાર નારી શક્તિ દ્વારા પહિન્દ વિધિ કરવાનું સૌભાગ્ય મુખ્યમંત્રી આનંદીબેનને મળ્યું હતું. અષાઢી બીજના પાવન પર્વે રથયાત્રાના ઈતિહાસમાં સતત ત્રીજીવાર નારીશક્તિ દ્વારા પહિન્દ વિધિ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ મુખ્યરથમાં સોનાના ચામરથી ભગવાનની સેવા કરી હતી. અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રામાં ભગવાન જગદીશ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા રથમાં સવાર થઈને નગરજનોને દર્શન કરવા માટે નિકળે છે. આનંદીબેને કહ્યું હતું કે, રથયાત્રા પર્વ સામાજિક ચેતના ઉજાગર કરવા સાથે શાંતિ, સદભાવ અને વિકાસનું પ્રતિક બન્યું છે. તેમણે કહ્યું હતું કે, સદ્‌ભાવ, સમભાવ અને રાષ્ટ્રપ્રેમ તમામમાં જાગે તેવા આશીર્વાદ ભગવાન આપતા રહ્યા છે અને આપતા રહેશે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225





Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655